# કોરોનાની રસી કોણે લેવી જોઈએ?

**(કોરોના થઈ ગયો હોય તો રસી લેવાય?)**
**(કોરોના થઈ ગયો હોય અને કોરોનાના એન્ટીબોડી શરીરે ન બનાવ્યા હોય તો કારણ શું?)**

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર



ઘણા વખત પછી ડાહ્યાલાલ, ગાંડાલાલ, વિપુલ અને નિલેશ ચાર જણા શનિવારની રાત્રે ભેગા થયા. એજ વટ એજ પાછો પ્રકાશ પણ ઠંડી વધી છે. ઠંડીના ચમકારામાં સ્વેટર અને ટોપી પહેરીન ચારે મિત્રો બેઠા છે. વડ ઉપર પોપટ, ચકલી, કાબર, ખિસકોલી પોતાની જાતને બચાવવા સંતાઈને બેઠા છે. ઘણા વખતે ચારે મિત્રો ભેગા થયા છે. કોઈ કોઈ જગ્યાએથી ટીવીના અવાજ આવે છે. જે શાંતિ ભંગ કરે છે. ત્યાં અચાનક ગાંડાલાલથી રહેવાયું નહીં. હે ! ને ડાહ્યાભાઈ હમણાં બે દિવસ પહેલાં ગાંધીનગર સમાચારમાં એક સમાચાર હતા જેમાં લખ્યું આવ્યું હતુ કે કોરોનાના દર્દીમાં એન્ટીબોડી થઈ ગયા હોય તો રસી લેવાની જરૂર નથી. એ શું છે? ડાહ્યાલાલ એન્ટીબોડી એટલે શું? ડાહ્યાલાલે કહ્યું, ગાંડાભાઈ તમે સરસ પ્રશ્નો પૂછ્યો છે... એન્ટીબોડી એટલે શરીરે કોરોના સામે બનાવેલી રોગપ્રતિકારક શક્તિ. અથવા તો શરીરે કોરોના સામે પોતાનું રક્ષણ કરવા કુદરતી રસી બનાવી છે. હવે પ્રશ્ન એ થાય કે એન્ટીબોડી કેવી રીતે બને ? જયારે શરીરમાં કોરોનાના વાયરસ પ્રવેશે છે ત્યારે શરીરે એ કોરોનાના વાયરસને મારવા માટે યુદ્ધ કરે છે. આ યુદ્ધ થાય ત્યારે કોરોનાના વાયરસ અને શરીરમાં રહેલી રોગપ્રતિકારક શક્તિ બંને સામસામે આવે છે. જો રોગપ્રતિકારક શ્કતિ સારી હોય તો કોરોના વાયરસને ઝડપી મારી નાખે છે અને એ વખતે શરીરનું તાપમાન વધે છે એટલે તાવ આવે છે. તાવથી ગભરાવાની જરૂર નથી. તાવ આવે એનો અર્થ એવો થાય કે એ વખતે શરીર કોરોનાના વાયરસ સામે યુદ્ધ કરી રહ્યો છે. અને તેને લીધે તાવ આવે છે એટલે તાવથી ગભરાવાની જરૂર નથી. ડાહ્યાલાલે પ્રશ્ન પૂછ્યો તો બધા ગભરાઈ ગયા છે કેમ કોરોનાથી. તાવથી ગભરાવાની જરૂર નથી ગાંડાલાલ, પણ તમને દર્દીને ડાયાબિટીસ હોય, બીપી હોય, કેન્સર હોય અથવા બીજી કોઈ બિમારી હોય એમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તો કોરોનાના વાયરસની ગમતી જગ્યા ફેફસાં છે જેમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઈ ન્યુમોનિયા કરે છે જેને 'સાયટોકાઈમ સ્ટ્રોમ' કહેવામાં આવે છે અને જો ફેફસામાં ન્યુમોનિયા થયો તો તેને લીધે ઓક્સિજન ઓછું થાય છે. ઓક્સિજનનું પ્રમાણ જો ૯૦ કરતાં ઓછું થાય તો એને ગંભીર કહેવાય.



CRP નું પ્રમાણ લોહીમાં ૨૦ કરતા વધારે હોય, D-Dimer 500 કરતાં વધારે હોય, Ferritin 300 કરતા વધારે હોય તો એને ગંભીર ગણાય. હવે ગાંડાલાલ તારી વાત... કોરોના વાયરસની સામે લડતા - લડતા શરીર IgM અને IgG નામના બે એન્ટીબોડી બનાવે છે. સામાન્ય રીતે બીજા વાયરસમાં એકલું IgG એન્ટી બોડી બનતું હોય છે. કોરોના વાયરસમાં IgG અને IgM એમ બે એન્ટીબોડી બને છે. જો તમે કેમ્યુનોમેશનથી જો એન્ટીબોડીનો ટેસ્ટ કરવામાં આવે તો એક ઉપર રિઝલ્ટ આવે તો એન્ટીબોડી હાજર છે એમ કહેવાય. જો સાત ઉપર એન્ટીબોડી હોય તો પ્લાઝમાથેરાપી માટે યોગ્ય રકતદાતા છે. એટલે કે એનું લોહીમાં નીકળેલું પ્લાઝમા કોરોના દર્દીને આપી શકાય. જેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય, ઓક્સિજન લેવલ ઓછું હોય.

ગાંડાલાલે પૂછ્યું, કોરોના થઈ ગયો હોય જે લોકોને કોરોના થઈ ગયો હોય અને એનું લેવલ દસ ઉપર હોય તો કોરોનાની રસી લેવાની જરૂર નથી. પણ જે લોકોને કોરોના થયો હોય છતાં પણ તેનામાં એન્ટીબોડી શરીર ન બનાવી શક્યું હોય એટલે કે એન્ટીબોડીનું titre એક કરતાં ઓછું હોય એવા દર્દીને ફરી કોરોના થઈ શકે છે. અને એને રસી લેવી પડે. હમણાં જ એક બ્લડ બેંકમાં ૬૦ રક્તદાતાઓને એન્ટીબોડી પોઝિટિવ આવ્યા. તેમાં એક જ રક્તદાતાને કોરોના પોઝિટિવ હતો એવું ખબર છે. બાકીના ૩૪ રક્તદાતાઓને ખબર જ નથી કે એમને કોરોના થઈને મટી ગયો છે. જેમને પૂછતા એવં ખબર પડ્યું કે એકાદ દિવસ તાવ અથવા શરદી થઈ હતી. ગાંડાલાલથી રહેવાયું નઈ... આવું કેવી રીતે થાય... ડાહ્યાલાલે કહ્યું જે લોકોની રોગપ્રતિકારક શક્તિ સારી હોય એ લોકોને આવું થાય. શરીરે પોતાની રીતે જ વાયરસને મારીને એન્ટીબોરી બનાવે છે. અને એવી જ રીતે શરીરમાં રોગપ્રતિકારશક્તિ ઓછી હોય અને વાયરસનો લોક ઓછો હોય એવાં દર્દીમાં એન્ટીબોડી કદાચ નઈ બનતા હોય. વિપુલથી રહેવાયું નથી ચાલો આપણે બ્લડબેંકમાં જઈને એન્ટીબોડી ટેસ્ટ કરાવી બ્લડ ડોનેશન કરી કોરોનાના દર્દીને બચાવી લઈએ...

## મધ્યસ્થ ગ્રંથાલય સાદરામાં નારાયણભાઈ દેસાઈના જન્મદિવસ પ્રસંગે પુસ્તક સ્મૃતિ પ્રદર્શન યોજાયું

ચિલોડા, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યત્વ વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલપતિ ગાંધી કથાકાર અને ગાંધી ગિરાના વારસાનું જતન કરનાર નારાયણ ભાઈ દેસાઈના જન્મદિવસ નિમિતે તેમના દ્વારા લખાયેલા પચ્ચીસ પુસ્તકોનું અતિ પ્રદર્શન તા. ૨૪-૧૨-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ સુધી એક સપ્તાહ માટે યોજવામાં આવ્યું છે.



મહાત્મા ગાંધીના ખોળે રમેલા બાબાના નામથી ઓળખ ધરાવતા અને મહાદેવભાઈ દેસાઈના સંસ્કારોની આગવી ગાંધી પ્રતિભા ધરાવનાર નારાયણભાઈ દેસાઈના ગાંધીવિચારોનો ફેલાવો તેમના દ્વારા લખેલા પુસ્તકો જેવા કે, મારા ગાયા, મારુ જે એ જ મારી વાણી (૪ ખંડ), વેડછીનો વડલો, અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ, સોનાર બાંગ્લા, સંત સેવતા સૂકૃત વાધે, મને કેમ વીસરે રે?, ઘણું જીવો ગુજરાતી, જયપ્રકાશ, સંસ્કૃતિ માટે મથનારાઓ, કસ્તૂરબા, ગાંધીજીના ઉપવાસ, અસ્પૃશ્યતા નિવારણ, માટીમાંથી મરદ, આજની પરિસ્થિતિમાં ગાંધી મોહનમાંથી મહાત્મા, ગાંધીજી વિશે કેટલીક ગેરસમજૂતીઓ, ગાંધીની પ્રસ્તુતતા, સાધન શુદ્ધિ ચંપારણ અને વાયકોમ સત્યાગ્રહ ગુરુ કા બાગ સત્યાગ્રહ નું સ્મૃતિ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.

જેનો લાભ સંકલના અધ્યાપક તથા સેવક મિત્રોએ લીધો હતો. જેનું આયોજનું સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, દિશા દવે, કિશનભાઈ પંચાલ મહેન્દ્રભાઈ રેહવર તથા જતિનભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાતનો વિકાસ વિરાસત અને આધુનિક વિજ્ઞાનના પાયા પર થઈ રહ્યો છે: વિજયભાઈ રૂપાણી

### મુખ્યમંત્રીએ સાયન્સ સિટીની મુલાકાત લઈ વિવિધ પ્રકલ્પોની પ્રગતિ-કામગીરીનું નિરીક્ષણ કરી જાત માહિતી મેળવી








ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આધુનિક ગુજરાતનો વિકાસ સર્વસ્પર્શી અને સર્વ વ્યાપી બને તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા દ્રષ્ટિવંત આયોજનને ઝડપભેર આગળ ધપાવી રહ્યા છીએ.

મુખ્યમંત્રી અમદાવાદમાં પ્રધાનમંત્રીની પ્રેરણાથી નિર્માણ પામેલી સાયન્સ સિટીના વિવિધ પ્રકલ્પોની કામગીરીની સમીક્ષા અને નિરીક્ષણ મુલાકાતે રવિવારે આવ્યા હતા. મુખ્યમંત્રી એ કહ્યું કે, ગુજરાતનો વિકાસ વિરાસત અને આધુનિક વિજ્ઞાનના પાયા પર થઈ રહ્યો છે. સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી અને દેશનું સૌથી મોટું એક્વેરિયમ આકાર પામવા જઈ રહ્યું છે, તે આવનારા દિવસોમાં આગવું આકર્ષણ બનશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ગુજરાત એજ્યુકેશન હબ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તેથી જ આપણે નોલેજ કોરિડોર પણ વિકસાવી રહ્યા છીએ. એમ તેમણે ઉમેર્યું હતુ. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કહ્યું કે સાયન્સ સિટીના અદ્યતન પ્રકલ્પોના માધ્યમથી રાજ્યના બાળકો વિજ્ઞાનની દુનિયામાં ગળાડૂબ બને તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગ દ્વારા આ દિશામાં થઈ રહેલી કામગીરીની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી તેમજ દેશનું સૌથી મોટું એક્વેરિયમ પણ આકાર પામવા જઈ રહ્યું છે, જેને પગલે રાજ્યના બાળકો વિજ્ઞાનની દુનિયામાં ઓતપ્રોત થઈ શકશે.

મુખ્યમંત્રીએ રોબોટિક ગેલેરીમાં રોબોઝીયમ, રિસર્ચ એન્ડ રેસ્કયૂમાં રોબોટિકની ભૂમિકા, મેડિકલ અને આરોગ્યક્ષેત્રમાં રોબોટિક પર્ફોર્મન્સને પ્રત્યક્ષ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીની આ મુલાકાત વેળાએ ગુજરાત સાયન્સ સીટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરશ્રી એસ. ડી. વોરા તથા અધિકારીઓ સાથે રહ્યા હતા.

# કોરોના મહામારીમાં રક્તદાનનું મહત્ત્વ અનેરું : નીતીનભાઈ

### બાવળા રક્તદાન શિબિર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૭

કોરોનાની સંવેદનશીલ મહામારીમાં રક્તદાનનું મહત્વ સમજાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું કે કોરોનાવાયરસની સંવેદનશીલતા વચ્ચે રક્તદાન અતિ મહત્વનું બની રહે છે.તેઓએ ઉમેર્યુ કે એક વ્યક્તિએ કરેલું રક્તદાન પાંચ થી છ વ્યકિતના જીવ બચાવવાની સાથે અન્ય સ્વાસ્થ્ય બાબતોમાં ઉપયોગી બની રહે છે.

નીતિનભાઇ પટેલે જણાવ્યું કે ૧ યુનિટ રક્તદાનનું લેબમાં અત્યાધુનિક મશીનરી દ્વારા પૃથક્કરણ કરી વિવિધ તત્વો છૂટા પાડી દર્દીની જરૂરિયાત મુજબ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

નીતિનભાઇ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડબેંક દ્વારા સમયાંતરે રાજયના વિવિધ સ્થળોએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતું હોવાનું જણાવી તેઓએ ઉમેર્યુ કે, અમદાવાદ સિવિલમાં રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવેલી અત્યંત મોંઘી અને આધુનિક સુવિધાઓયુક્ત મશીનરી દ્વારા આ રક્તનું વિવિધ ભાગોમાં પૃથક્કરણ કરીને વધુમાં વધુ લોકોને ઉપયોગી થઈ શકે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

આ રક્તદાન શિબિરમાં કોરોના કાળમાં નાગરિકો અને કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ અનેકવિધ સ્વાસ્થ્ય લગતી સુવિધાઓ વિશે માહિતી




આપી હતી.

'રક્તદાન એ જ શ્રેષ્ઠ દાન' તેમ જણાવતાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે "ગુજરાતીઓ શિક્ષણ, આરોગ્ય, અન્નદાન, જેવા વિવિધ ક્ષેત્રો દેશભરમાં મોખરે છે. ત્યારે ચક્ષુદાન, કિડની દાન જેવા વિવિધ અંગદાન અને રક્તદાનના ક્ષેત્રોમાં પણ મહાદાન કરીને ગુજરાતીઓ હર હંમેશા અગ્રેસર રહ્યા છે.

આકસ્મિક સંજોગોમાં દર્દી માટે એક યુનિટ રક્ત પણ અતિ મહત્વનું અને જીવ બચાવનાર બની રહે છે તેમ નાયબ મુખ્ય મંત્રીએ ઉમેર્યું હતું. સ્વાસ્થ્ય સારવાર માટેની દવા ઈન્જેક્શનને લેબમાં બનાવી શકાય છે પરંતુ રક્ત કોઈપણ લેબમાં તૈયાર ન થતું હોવાનું અને કુદરતી રીતે જ ઉપલબ્ધ હોવાથી તેનું દાન અતિ મહત્વનું બની રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા મા કાર્ડ અને કેન્દ્ર સરકારના પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ દ્વારા રાજ્યના નાગરિકોને સ્વાસ્થ્ય સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું નીતિનભાઇ પટેલે કહ્યું હતું. જ્યાં અન્ય દેશોમાં કોરોના ટેસ્ટ કરાવવા છ થી આઠ કલાક રાહ જોવી પડે છે ત્યાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના મહાનગરો તેમજ ગ્રામ્ય ક્ષેત્રો ઠેર-ઠેર વિનામૂલ્યે કોરોના ટેસ્ટિંગ બૂથ કાર્યરત કરવામાં આવ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેક્ર અને અમદાવાદ સ્થિત સેવાભાવી સંસ્થા દ્વારા બાવળા ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કરીને સેવા ધર્મ નિભાવી રહેલા રકતદાતાઓની રૂબરૂ મુલાકાત લઈને તેમની સ્વાસ્થ્ય સુખાકારી માટે નીતિનભાઇ પટેલે શુભેચ્છા પાઠવી હતી.


ગાંધીનગર
હિલવુડ્સ એકેડમી - ગ્રેટર નોઈડા -ઈ કોન્ફલુઅન્સ ૨૦૨૦-૨૧ ઓનલાઈન સ્પર્ધામાં ભારતનાં વિવિધ પ્રતિસ્પર્ધીઓમાં ગુજરાત રાજય હિલવુડ્સ સ્કૂલ તરફથી ધોરણ-૪માં અભ્યાસ કરતી ચિ. જલધિ વિરલ રાજયગુરુએ ગણિત વિષય ઉપર 'Fraction In Action' પર પોતાના વિચારોને નાનકડી વાર્તા અને મોડલરુપે રજૂ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળા પરિવારે જલધિને ખુબ ખુભ અભિનંદન પાઠવ્યા હતા.




## 'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત 'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' વિષય ઉપર ૯૪ મું પ્રવચન યોજાયું






ગાંધીનગર, તા. ૨૭

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર : વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વ્યક્તિ વિશેષ વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' ઉપર ૯૪માં પ્રવચનનું આયોજન ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન લાઈવ તા. ૨૬-૧૨-૨૦૨૦ના રોજ સાંજે ૫ થી ૭ સમય દરમ્યાન યોજાયું હતું. આ પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, નવસારીના સંગીતજ્ઞ સંત પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ તથા અક્ષરપુરુષોત્તમ આંતરરાષ્ટ્રીય સત્સંગ પ્રવૃતિના, સંયોજક, પૂ. સદગુરુ સંત ઈશ્વરચરણ સ્વામીએ આશીર્વચન સહ વક્તવ્યનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઓનલાઈન પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા.

'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' વ્યક્તિવિશેષ વિષય પર મુક્તાનંદ સ્વામીના સત્યશોધક અભિપ્રાય વિષે જણાવતાં પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, જ્યારે ભગવાન આ લોકમાં જીવના કલ્યાણના અર્થે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને ઐશ્વર્ય સહિત જ પધારે છે. એમાંના અનેક મુક્તોમાંના એક સદગુરુ મુક્તાનંદ સ્વામી હતા. જેમ ઈશુ ખ્રિસ્તના બાર એપોસ્ટલ્સ હતા, મહાવીર પ્રભુના અગિયાર ગણધર હતા, બુદ્ધ ભગવાનના પાંચ ભિક્ષુઓ હતા, શંકરાચાર્યના ચાર પટ્ટ શિષ્ય હતા, શીખ સંપ્રદાયના પંચ પ્યારે હતા, વલ્લભાચાર્યના અષ્ટ સખા હતા. એમ ભગવાન સ્વામિનારાયણના અષ્ટ સંત કવિઓ હતા. તે સહુ તે તે ધર્મમાર્ગમાંના સ્તંભ સમાન હતા. એમને માથે ધર્મના મહેલ રચાયા અને આજે પણ ઊભા છે.

મુક્તાનંદ સ્વામીનો જન્મ અમરેલી જિલ્લામાં અમરાપર ગામમાં સને ૧૭૫૭ની સાલમાં થયેલો. બાળપણનું નામ મુકુંદદાસ હતું. પિતાનું નામ આનંદરામ અને માતાનું નામ રાધાદેવી હતું.

મુક્તાનંદ સ્વામી સાધુતાની મૂર્તિ હતા. તેમની દાસત્વભક્તિ અને સહનશીલતા અજોડ હતી. શ્રીહરિની ઈચ્છા એજ પોતાની ઈચ્છા સમજતા. સમજણ અને ધીરજના પ્રભાવે તેઓ સત્સંગની માતાનું બિરુદ પામ્યા. મુક્તાનંદ સ્વામી સર્વકલાકોવિદ હતા. તેઓ ઉત્તમ કોટિના કવિરાજ, નૃત્યકાર, વૈદક વિદ્યામાં પણ નિપુણ હતા. શ્રીજી મહારાજ તેમની માટે કહેતા કે મુક્તાનંદ સ્વામી! તમે કોઈ પામર જીવનો હાથ ઝાલી તેને ફેંકો તો તે અષ્ટ આવરણ પાર કરી અક્ષરધામમાં પહોંચે તેવી તમારામાં શક્તિ છે.

## જન્મદિને વધામણી



સુરેશ પ્રા ભટ્ટ
કટાર લેખક, ગાંધીનગર સમાચાર
ફોન : ૦૭૯-૨૩૨૨૬૨૫૧



કિરીટસિંહ પી રાઓલ
મો. ૯૮૨૪૩ ૯૦૯૯૧



કેતન ભાવસાર
મો. ૯૮૨૪૩ ૩૯૬૯૩



ધાત્રી પ્રવીણકુમાર દરજી
મો. ૯૮૯૮૮ ૫૫૫૮૬



પ્રિન્સ અંકિતકુમાર શાહ
મો. ૮૧૬૦૯ ૬૨૦૫૧



કેવિન પિયુષ પંચાલ



જૈવલ મિલન રાવલ
મો. ૯૪૨૮૫ ૯૫૫૨૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક